# સંવેગી શાખાની પરંપરાના સમર્થ શ્રમણ ભગવંતો

### સંવેગી માર્ગના મહાન પ્રણેતા, અદ્ભુત ત્યાગી અને ધ્યાની તથા ઊંડા અભ્યાસી

## પૂજ્ય પંન્યાસજી શ્રી સત્યવિજયજી ગણિ

પરમ શાંત, સંવેગી, સંયમી, વિદ્વાન, તપસ્વી, ધ્યાની તથા શાસનની પ્રભાવના કરવામાં સદા તત્પર એવા પૂ. પંન્યાસજી શ્રી સત્યવિજયજી ગણિનો જન્મ સં. ૧૬૫૬માં લાડલુ (રાજસ્થાન)માં દુગડ ગોત્રના શા. વીરચંદ ઓશવાલ જૈનના ધર્મપત્ની વીરમદેવીની કુક્ષિએ થયો હતો. તેમનું જન્મનામ શિવરાજ હતું.

માતા વીરમદેવીની સંમતિથી શિવરાજને શ્રી વિજયસેનસૂરિની આજ્ઞાથી આચાર્યશ્રી વિજયદેવસૂરિએ સં. ૧૬૭૧માં ૧૪ વર્ષની વયે દીક્ષા આપી, આચાર્ય વિજયસિંહસૂરિના શિષ્ય બનાવ્યા; અને તેમને મુનિ સત્યવિજય નામ આપ્યું. તેમનાં જન્મસંવત કે દીક્ષાસંવત મળતાં નથી. દીક્ષાગ્રહણ કરીને મુનિ સત્યવિજય સં. ૧૭૧૦ સુધી શ્રી વિજયદેવસૂરિ અને શ્રી વિજયસિંહસૂરિ સાથે વિચરતા હતા. આ દરમિયાન તેઓશ્રીએ સિદ્ધાંતોનો ઊંડો અભ્યાસ કર્યો. દાદાગુરુ અને ગુરુદેવ પાસેથી મળેલા ઉપદેશને રગેરગમાં પચાવીને તેઓ ગુરુદેવ શ્રી વિજયસિંહસૂરિ સાથે ક્રિયોદ્ધાર કરી સંવેગી મુનિ બનવા તૈયાર થયા. ચારિત્રધર્મનું સુવિશુદ્ધ અને ઉત્કટ ભાવનાપૂર્વક પાલન કરવું એટલે સાધુજીવનમાં સંવેગીપણાનો સ્વીકાર કરવો.

શ્રી વિજયદેવસૂરિની તીવ્ર અભિલાષા હતી કે, તપાગચ્છમાં ક્રિયોદ્ધાર કરી, ફરી શુદ્ધ સંવેગી માર્ગ પ્રવર્તાવવો. આથી તેમણે પોતાની સાથેના મુનિઓ અને યતિઓને વૈરાગ્યનો ઉપદેશ આપી, ક્રિયોદ્ધાર માટે તૈયાર કર્યા. પરિણામે, આચાર્ય વિજયસિંહસૂરિ, પં. સત્યવિજય ગણિ, પં. વીરવિજય ગણિ, પં. ઋદ્ધિવિજય ગણિ વગેરે સંવેગી મુનિ બનવાને ઉત્સુક બન્યા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

હતા. સં. ૧૭૦૯માં મહા સુદ ૧૩ ને ગુરુવારે પાટણમાં, સંવેગી સાધુ–સાધ્વીઓને પાળવાના નિયમોનો ૪૫ બોલનો પટ્ટક આચાર્ય વિજયસિંહસૂરિએ બનાવ્યો, તેમાં પં. સત્યવિજય ગણિના પણ હસ્તાક્ષર છે.

દૈવયોગે આચાર્ય વિજયસિંહસૂરિનું સં. ૧૭૦૮ના મહા સુદ બીજને દિવસે અમદાવાદમાં સ્વર્ગગમન થયું, ત્યારે દાદાગુરુ શ્રી વિજયદેવસૂરિએ નવા ગચ્છનાયક તરીકે પં. સત્યવિજય ગણિ અને પં. વીરવિજયગણિ–બંનેમાંથી સર્વપ્રથમ પં. સત્યવિજય ગણિને ભટ્ટારક ગચ્છનાયક થવા સમજાવ્યા. પણ તેઓ તો આત્મરંગી હતા. અદ્ભુત ત્યાગી અને ધ્યાની મહાત્મા હતા. તેમણે સંવેગીપણું સ્વીકારવાની ઉત્કટ ભાવનાથી ગચ્છનાયક બનવાની અનિચ્છા બતાવી; અને પં. વીરવિજય ગણિ ગચ્છનાયક બને તેમાં સંમતિ આપી. પં. વીરવિજય ગણિને સં. ૧૭૧૦માં આચાર્યપદ આપી, તેમનું વિજયપ્રભસૂરિ નામ આપવામાં આવ્યું. અને સં. ૧૭૧૨માં અમદાવાદમાં આચાર્ય વિજયદેવસૂરિએ તેમને ભટ્ટારકપદ આપી, પોતાની પાટે સ્થાપન કર્યા, અને ગચ્છનાયક તરીકે જાહેર કર્યા. પં. સત્યવિજય ગણિએ સં. ૧૭૧૧ના મહા સુદ ૧૩ ને ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં પાટણમાં આચાર્ય વિજયદેવસૂરિની આજ્ઞા મેળવી, આચાર્ય વિજયસિંહસૂરિએ નક્કી કરેલી યોજના મુજબ, આચાર્ય વિજયદેવસૂરિની નિશ્રાની પ્રધાનતા રાખી, ક્રિયોદ્ધારપૂર્વક સંવેગીપણું સ્વીકાર્યું. તેમની સાથે ૧૮ મુનિવરો અને અનેક સાધ્વીજીઓએ પણ સંવેગીપણું સ્વીકાર્યું હતું.

પં. સત્યવિજય ગણિએ ક્રિયોદ્ધાર કર્યો ત્યારે શ્રી વિજયપ્રભસૂરિ ઉંમરમાં, દીક્ષાપર્યાયમાં અને અનુભવમાં નાના હતા. તેમણે ૧૧ વર્ષના અનુભવ પછી ગચ્છનાયકની લગામ હાથમાં લીધી હતી. ગચ્છમર્યાદા એવી હતી કે, નાનામોટા સૌ યતિવરો–મુનિવરો ગચ્છનાયકની આજ્ઞા માને; ગચ્છનાયકશ્રી વિજયપ્રભસૂરિ મોટે ભાગે પં. સત્યવિજય ગણિવરની સલાહ લઈને નિર્ણય કરતા.

પં. સત્યવિજય ગણિવર પ્રૌઢ પ્રતાપી, પ્રભાવી અને મેધાવી હતા; ખૂબ જ્ઞાની અને અનુભવી હતા; શુદ્ધ ક્રિયાપ્રેમી હતા. શ્રી આત્મારામજી મહારાજના શબ્દોમાં, 'શ્રી સત્યવિજયજી ગણિ ક્રિયોદ્ધાર કરી શ્રી આનંદઘનજી સાથે બહુ વર્ષો સુધી વનવાસમાં રહ્યા. મહાતપસ્યા અને યોગાભ્યાસમાં રત રહ્યા. જ્યારે બહુ વૃદ્ધ થઈ ગયા અને ચાલવાની શક્તિ ન રહી ત્યારે અણહિલપુર પાટણમાં આવીને રહ્યા.'

તેઓશ્રીએ સં. ૧૭૫૪માં અમદાવાદમાં અને સં. ૧૭૫૫માં પાટણમાં ચોમાસું કર્યું. સં. ૧૭૫૬ના પોષ મહિનામાં તેઓ બીમાર પડ્યા. પાંચ દિવસ બીમાર રહ્યા. પોષ સુદ ૧૨ ને શનિવારે પાટણમાં સિદ્ધિયોગમાં અનશન સ્વીકારીને સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. પં. જિનવિજય ગણિએ 'સત્યવિજય ગણિ નિર્વાણરાસ' રચ્યો. એવું પણ કહેવાય છે કે, શ્રી આનંદઘનજીના તેઓ સંસારીપણે ગુરુબંધુ હતા. તેમના સંવેગી માર્ગના સ્વીકારથી જ તપાગચ્છ અંતર્ગત સંવેગી શાખાની શરૂઆત થઈ હતી.

(સંકલન : ત્રિપુટી મહારાજ રચિત 'જૈન પરંપરાનો ઇતિહાસ' ભાગ–૩માંથી સાભાર.)

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org